# ધનચિંતન

ડો. જિતેન્દ્ર અઢિયા ● દીપક ધાબલીયા

RUDRA
PUBLICATION
...publishing positivity...

25/B, Govt. Society, B/h, Municipal Market.
Off. C.G. Road, Navrangpura, Ahmedabad - 380 009.
Ph. : 079-26447393 • Mobile : 098259 25947
email : rudrapublication1@gmail.com
www.rudrapublication.com
Buy online www.clickabooks.com

**For Home Delivery : Mobile : +91-99241 43847**

# ધનચિંતન

ડૉ. જિતેન્દ્ર અઢિયા ● દીપક ધાબલિયા

Copyright @ Adhia International

All Rights reserved. No Part of this publication may be reproduced, stored in a retrieval system or transmitted, in any form or by any means, electronic, mechanical, photocopying, recording or otherwise without the prior written permission of the copyright owner

1st Edition - 3rd November, 2013

**₹ 50/-**

: Design & Layout :
Manu Patel
9898390057

: Printing :
Rudra Publication

: Publisher :
Adhia International
Ahmedabad
Ph. : +91 79 4003 5153
Mobile : +91 84 8888 1213
www.mindtraininginstittute.net



# સપ્રેમ ભેટ

.........................................ને સપ્રેમ ભેટ.

મને ખબર છે કે આપને ખૂબ મોટાં સપનાંઓ છે. તમે એ સપનાંઓને સાકાર કરવા નિષ્ઠાથી પ્રયત્નો પણ કરો છો.

આ પુસ્તક તમારા ધન વિશેના વિચારો અને માન્યતાઓને વધુ સ્પષ્ટ બનાવશે, તેવી આશા સાથે ભેટ આપું છું.

શુભેચ્છા સહ...............

સહી : ...................................

તારીખ : ...................................

સ્થળ : ...................................

## લેખકની ઓળખાણ - ડો. જિતેન્દ્ર અઢિયા

**સાઇકલ ચલાવવાથી શરૂ કરીને એરોપ્લેન ઉડાડવા સુધીની તેમની જીવનયાત્રા.**

ડો. અઢિયાનો જન્મ ગુજરાતના રાજકોટ જિલ્લાના વાંકાનેર ગામમાં ઓછું ભણેલાં મા-બાપને ત્યાં થયેલો. તેમના જીવનની શરૂઆત ગરીબીથી થઈ હતી. તેમના પિતા તેમના માટે એક સાઇકલ પણ નહોતા લઈ શકતા. ડો. અઢિયાને સાઇકલ ચલાવવાનો ખૂબ શોખ હતો, તેથી તેઓ તેમની ખિસ્સા ખર્ચીમાંથી નાનકડી સાઇકલ ભાડે લઈ સાઇકલ ફેરવવાનો આનંદ માણતા. એ સમયે તેમને પોતે સાતમા આસમાનમાં હોય તેવો અનુભવ થતો હતો. તેઓ ખૂબ સ્વપ્નદૃષ્ટા છે. જ્યારે તે ભાડાની સાઇકલ ફેરવતા, ત્યારે તેઓ પ્લેન ઉડાડવાનાં સપનાં જોતા હતા અને આશ્ચર્યજનક કહેવાય એવું બન્યું કે આજે તેઓ ૬૩ વર્ષની ઉંમરે અમદાવાદમાં પાઇલોટની ટ્રેનિંગ લઈ રહ્યા છે. આ ઉંમરે પ્લેન ચલાવતા શીખવાની શરૂઆત કરનાર તરીકે તેમનો એક વિક્રમ જ છે.

નાનપણના તેમનાં સપનાંઓ પૂરાં કરવા તેમણે મેડિકલ લાઇન પસંદ કરી અને મુંબઈ યુનિવર્સટીમાંથી એમ.ડી.ની ડિગ્રી મેળવી. મેડિકલ લાઇનમાં ૩૦ વર્ષ તેમની સેવાઓ આપી અને માઇન્ડ પાવરના ક્ષેત્રમાં જંપલાવ્યું. તેમણે માઇન્ડ પાવર અને પર્સનાલિટીના ક્ષેત્રમાં ૪૦થી વધુ પુસ્તકો, ડીવીડી અને સીડીનું સર્જન કર્યું. તેમણે દુબઈથી હોંગકોંગ સુધી અને જ્હોનેસબર્ગથી ટોરોંટો સુધી, દુનિયાનાં મોટા ભાગનાં અગત્યનાં શહેરોમાં લોકોને માઇન્ડ પાવરની ટ્રેનિંગ આપી છે.

તેમણે દુનિયાનું સૌથી પહેલું 'માઇન્ડ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ' અમદાવાદમાં શરૂ કર્યું છે. માઇન્ડ ટ્રેનિંગ ફિલ્ડમાં અનેક લોકોને ટ્રેનર તરીકે તૈયાર કર્યા છે, જેઓ અત્યારે સમાજને તેમના જ્ઞાનનો લાભ આપી રહ્યા છે. તેઓ પ્રવાસના ખૂબ શોખીન છે અને તેમના આ શોખને કારણે તેઓએ દુનિયાના જુદા-જુદા ૩૦ દેશોમાં પ્રવાસ કર્યો છે.

તેમનું સૌથી મોટુ સપનું 'મન યુનિવર્સિટી'નું સર્જન કરવાનું છે, જેમાં દુનિયાના શ્રેષ્ઠ શિક્ષકો વિદ્યાર્થીઓને માઇન્ડ પાવરની ટ્રેનિંગ આપશે. તે યુનિવર્સિટી, માઇન્ડ પાવર વિશે શીખવાનું અને શોધખોળનું દુનિયાનું સૌથી મોટું કેન્દ્ર હશે. માનવજાત માટે આ ડો. અઢિયા તરફથી શ્રેષ્ઠ ભેટ હશે.

# લેખકની ઓળખાણ - દીપક ધાબલિયા

**સરસ્વતીમાતાના માનસરોવરના રાજહંસ શ્રી દીપક ધાબલિયા.**

આ જીવન અને જગતમાં, કેટલાક આંસુ પડાવે છે. કેટલાક આંસુ લૂછે છે... પરંતુ કેટલાક આંસુનું ફૂલમાં રૂપાંતર કરે છે.

આંસુનું ફૂલમાં રૂપાંતર કરનારા આવા વિરલા અને હિરલાઓમાં આલા દરજ્જાનું નામ છે શ્રી દીપક ધાબલિયા.

દીપકભાઈનો જન્મ સૌરાષ્ટ્રના જામનગર મુકામે શ્રી જયંતીભાઈ અમરશીભાઈ ધાબલિયાને ત્યાં ૧૯૭૦ના રોજ થયો. એમનો ઉછેર મુંબઈની નાનકડી ચાલમાં થયો. સ્વભાવે શરમાળ અને આંતરમુખી દીપકભાઈએ જીવનની શરૂઆતમાં ખૂબ જ અવગણના સહી છે. પરંતુ બધી જ અવગણના અને અવરોધોને સહીને, પાર કરીને, તેઓશ્રી આજે એક જાણીતા **“Wealth Coach”** છે. તેમની સખત મહેનત, આત્મનિર્ભરતા અને સતત કંઈક નવું શીખવાની ઇચ્છાએ તેમને આ મુકામ સુધી પહોંચાડ્યા છે.

જેમ કુશળ ધનવન્તરી દર્દીની નાડને પારખે છે, તેમ દીપકભાઈ વ્યક્તિની નાડને પારખે છે, તેના દુઃખનાં કારણોને શોધીને તેને દૂર કરવાના હાથવગા ઉપાયો પણ સૂચવે છે. પોતાના હૈયાના ખરલમાં વિષાદને ઘૂંટીને તેનું પ્રસાદમાં રૂપાંતર કરે છે. **He converts cry into creation**; કોઈને પુસ્તિકા તો કોઈને CD આપીને વ્યક્તિના સૂતેલાં અરમાન, સ્વપ્નોને જગાડીને તેમને દોડતા કરે છે.

દીપકભાઈ ‘ડીડીઝ રિયલ વેલ્થ મેક્ઝિમાઇઝર પ્રા. લિ.’ નામની કંપની ચલાવે છે, જે વ્યક્તિનું વર્તમાન અને ભવિષ્ય ઉજ્જવળ બને તે માટે કામ કરે છે. તેમની સાથે જોડાયેલા લોકોનું જીવન સુખી, સમૃદ્ધ, સ્વાવલંબી, સુગંધી અને સંવાદી બને એ માટે તેઓ સતત ચિંતન કરે છે. તે માટે હકારાત્મક-વિધાયક વિચારોનો વીંઝણો લઈને તેમના જીવનમાં પ્રકાશના પુંજ પાથરે છે.

મુંબઈના લોકપ્રિય અને લબ્ધપ્રતિષ્ઠિત મેનેજમેન્ટ ગુરુ શ્રી સંતોષ નાયરના દીપકભાઈ માનસપુત્ર છે. તેમજ મેનેજમેન્ટ અને માઇન્ડ પાવરમાં માતબર પ્રદાન કરનાર ડૉ. જિતેન્દ્ર અઢિયાની સાથે અને શ્રી સંતોષ નાયર સાથે તેઓ ટ્રેનિંગ આપે છે. પોતાની સફળતાનો યશ દીપકભાઈ ભગવાનની કૃપા, માતા-પિતા અને ગુરુઓના આશીર્વાદને આપે છે.

# આ પુસ્તક શા માટે ? - ડો. જિતેન્દ્ર અઢિયા

આ દુનિયામાં દરેકને ધનવાન બનવું છે, કારણકે દરેક વસ્તુ અને કામ ધનથી જ શક્ય બને છે. સવારે ઊઠીને દાંત ઘસીએ છીએ, તે ટૂથ પેસ્ટથી માંડી રાત્રે સૂતી વખતે જે દૂધનો ગ્લાસ આપણે પીએ છીએ, તે બધા માટે ધનની જરૂર પડે છે. આપણી આંખો મીંચાઈ જાય પછી અંતિમ ધામે પહોંચવામાં પણ ધનની જરૂર પડે છે.

એટલા માટે દરેક માણસ ધન કમાવા સતત મહેનત કર્યે જાય છે, પણ ખાસ કરીને આપણા દેશમાં ગરીબીનું પ્રમાણ ખૂબ છે.

ખરેખર તો આપણો દેશ ખૂબ ધનવાન હોવો જોઈએ, કારણકે કુદરતે આપણા દેશની ધરતીને ખૂબ સંપત્તિ આપી છે. કોલસાથી માંડી સોનાની ખાણો આપી છે. આટલો લાંબો દરિયાકિનારો આપ્યો છે. અફાટ રણો આપેલાં છે. ગાઢ જંગલો આપ્યાં છે. ગંગા, જમના, નર્મદા જેવી વિશાળ નદીઓ આપી છે. હિમાલય, વિંધ્યાચલ અને અરવલ્લી જેવી પર્વતમાળાઓ આપી છે, છતાં આપણે ગરીબ દેશ કેમ છીએ ?

મારા હિસાબે આપણા સૌનું ધન વિશેનું ચિંતન ખોટું છે. ચિંતનમાંથી જ પ્રયત્નો જન્મે છે અને પ્રયત્નમાંથી જ પરિણામ. જો ધન વિશેનું ચિંતન ખામીયુક્ત હશે, તો પ્રયાસમાં ખામી આવશે અને ખામીવાળા પ્રયાસથી પરિણામ પણ ખામીયુક્ત હશે. મને યાદ છે કે મારી જિંદગીનાં ચાલીસ વર્ષ સુધીનું ધન વિશેનું મારું ચિંતન ખામીયુક્ત હતું.

મારી પાસે મુંબઈ યુનિવર્સિટીની એમ.ડી.ની ડિગ્રી હોવા છતાં એક સામાન્ય કક્ષાનું જીવન જીવતો હતો. પછી મને સારા મિત્રો મળ્યા, જેમના સહવાસમાં રહેવાથી તેમનું ધન વિશેનું ચિંતન હું સારી રીતે સમજ્યો. એમાંથી ધન વિશેનું મારું ચિંતન બદલાવા લાગ્યું. મારા જીવનમાં જાણે કે સોનાનો સૂરજ ઊગ્યો.

મને એમ લાગ્યું કે જો હું કોઈના ધનચિંતનમાં સુધારા લાવી શકું તો તે ઉત્તમ સમાજસેવા છે. તેથી જ તો મેં દીપક ધાબલિયા કે જેઓ મારા શિષ્ય પણ છે અને ધન વિશેના નિષ્ણાત પણ છે, તેમની સાથે આ પુસ્તક લખવાનું નક્કી કર્યું.

મારા માટે એ ખુશી છે કે આજે આ પુસ્તક તમારા હાથમાં છે. આ પુસ્તકથી તમારું ધનચિંતન ચોક્કસ બદલાઈ જશે, તેવી મને આશા છે.

# આ પુસ્તક શા માટે ? - દીપક ધાબલિયા

મેં મારા બાળપણમાં ગરીબી જોઈ છે. પૈસાના અભાવવાળું જીવન કેવું હોય છે, તેનો અનુભવ બહુ વર્ષો સુધી કરેલ છે. ધનવાન લોકોને જોઈને મને એવું થતું કે ભગવાને આ લોકોને આટલું બધું ધન આપ્યું તો અમને કેમ ન આપ્યું. મારાં માતા-પિતા બહુ જ ધાર્મિક હતાં, એટલે નસીબનું કારણ આપતાં. પણ એનાથી ધન વિશેનું મારું ચિંતન ઓછું ન થયું પણ વધી ગયું.

મોટો થઈ ભણીગણીને જ્યારે પૈસા કમાવાનું ચાલુ કર્યું, ત્યારે થોડી સમજ પડી. ધનવાન બનવાનો શોખ કોને ન હોય ? મને પણ હતો. ટ્રાયલ અને એરરથી ધનવાન બનવાની મારી શરૂઆત થઈ. પણ એમ લાગતું હતું કે હજુ કંઈક ખૂટે છે. ધનવાન બનવાનાં પુસ્તકો વાંચ્યાં. ધનવાન મિત્રોને નજીકથી નિહાળ્યા. સાથે ધન વિશેનું ચિંતન ચાલુ જ હતું.

જેમજેમ વિચારો સ્પષ્ટ થયા તેમતેમ ખ્યાલ આવ્યો કે આપણા આ વિચારોને લોકો સુધી પહોંચાડવા એ ઉદ્દેશથી અમે બન્નેએ આ પુસ્તક લોકોના હાથમાં મૂકવાનું નક્કી કર્યું.

કોલેજનો અભ્યાસ પૂરો થયા પછી મારી કારકિર્દીની શરૂઆત શેરમાર્કેટથી થઈ, જ્યાં બધા લોકો ધન કમાવા જ આવે છે. શેરમાર્કેટમાં ખૂબ મોટા ખેલાડીઆને જોયા અને તેની સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કામ કરવાનો મને મોકો મળ્યો. તેમને મેં નજીકથી નિહાળ્યા. ધન વિશે મારા વિચારો વધુ સ્પષ્ટ થવા લાગ્યા.

ત્યાર પછી મેં ઇન્સ્યોરન્સ બિઝનેસની શરૂઆત કરી, જેમાં પણ ધનનું વાવેતર કરવાની વાતો હોય. ધનની વૃદ્ધિ કેવી રીતે કરી શકાય તેના વિચારો સ્પષ્ટ થયા. પછી મને બે ગુરુ મળ્યા, એક શ્રી સંતોષ નાયર અને બીજા ડો. જિતેન્દ્ર અઢિયા જેમણે મને જુદાં-જુદાં ક્ષેત્રોની ટ્રેનિંગ આપી. નાયરસાહેબ પાસેથી સેલિંગ અને બિઝનેસ શીખ્યો અને ડો. અઢિયા પાસેથી મનનું વિજ્ઞાન શીખ્યો.

આ દરમિયાન મારી ધનવાન બનવાની યાત્રા ચાલુ જ હતી. એમાં એક તક મળી ડો. જિતેન્દ્ર અઢિયા સાથે સહ-લેખક તરીકે એક પુસ્તક લખવાની, 'ધનવાન તો બનવું જ જોઈએ'. જે મારું આ દિશામાં પહેલુ અને મોટું પગથિયું હતું. આ પુસ્તકને ખૂબ સારો પ્રતિભાવ મળ્યો.

પછી અમે બન્નેએ 'ધનની પ્રાર્થના' અને 'જીવનવિધાતાનું વરદાન' પુસ્તક લખ્યા.

અમારા બન્નેનું આ ચોથું પુસ્તક છે. આ પુસ્તકથી ધન વિશેનું તમારું ચિંતન વધુ સ્પષ્ટ બનશે, તેવી ભાવના સાથે લખાયું છે.

## અનુક્રમણિકા


૧. શું કોઈ પણ માણસ ધનવાન બની શકે ?..........................૯

૨. શું આપણે સહેલાઈથી ધન કમાઈ શકીએ ? .....................૧૩

૩. જીવનના દરેક તબક્કે 'પૈસા' વિના કશું થઈ શકતું નથી ...૧૭

૪. ધનવાન બનવાને ઉંમર સાથે કોઈ સંબંધ નથી .................૨૧

૫. ધનવાન બનવા માટે જરૂરી છે આત્મવિશ્વાસ ....................૨૩

૬. પ્રારબ્ધના ભરોસે બેસી ન રહો - પુરુષાર્થ કરો ..................૨૫

૭. સલામતીથી નહીં પણ સાહસથી બનાશે ધનવાન ................૨૯

૮. ધગશ-પ્યાસ સાથે કામ કરનારા સર્જે છે - ઇતિહાસ ...........૩૩

૯. સફળતા-નિષ્ફળતા વચ્ચે સતત આગળ વધતા રહો ............૩૭

૧૦. સુરક્ષિતતાનો માઇન્ડ-સેટ છોડો .......................................૪૧

# ૧

# શું કોઈ પણ માણસ ધનવાન બની શકે ?

પૈસાની ખાસ વાત એ છે કે નાતજાત, ધર્મ, ભણતર, તમારો રંગ કયો છે, તમારાં માતા-પિતા કોણ છે, તમે કયા પરિવારમાંથી આવો છો તેની પૈસાને કાંઈ પડી નથી. તમારી પાસે પણ એટલો જ હક્ક અને એટલી જ તકો છે જે બીજાની પાસે છે. પરંતુ તમને ધનવાન બનતા જે બાબત રોકી રહી છે, એ છે તમારું પૈસા બાબતનું ચિંતન.

પૈસા વિશે આપણું જે પણ ચિંતન હશે, જે પણ વિચારો હશે, તેવી સંપત્તિ આપણી પાસે આવશે. જેમકે આપણે દરિયા પાસે એક ગ્લાસ લઈને જઈએ, તો આપણને એક ગ્લાસ પાણી મળશે. જો આપણે એક બાલટી લઈને જઈશું, તો આપણને દરિયા પાસેથી એક બાલટી પાણી જ મળશે અને જો એક ટૅન્કર લઈને પાણી માંગવા જઈશું, તો આપણને દરિયા પાસેથી એક ટૅન્કર પાણી મળશે.

અમે એવા કેટલાય માણસોને મળી ચૂક્યા છીએ કે જેણે પાણી દરિયામાંથી ડાયરેક્ટ પોતાના ઘરે આવે તેવી પાઇપલાઇન નંખાવી દીધી છે. જેથી તેમના ઘરે સતત પાણીનો પ્રવાહ આવ્યા કરે. તેવી જ રીતે પૈસાની બાબતમાં પણ છે.

હવે તમારે નક્કી કરવાનું છે કે તમને પૈસાની ભૂખ કેટલી છે. એક ગ્લાસની, એક બાલટીની કે પછી એક ટૅન્કરની કે પાઈપલાઈનની. તમને જેટલી ભૂખ હશે તે પ્રમાણેના પૈસા કમાવવા માટે તમને નવા નવા રસ્તાઓ અને વિચારો મળ્યા કરશે. તમારી ભૂખ અને તમારી મહેનત પ્રમાણેના પૈસા પણ તમને મળશે.

બીજી જરૂર છે તમારી જાતને અને તમારા મનને પૉઝિટિવ ઍનર્જી આપવાની. જો તમે એમ વિચારશો કે તમે પૈસા કમાવાને લાયક જ નથી અને તમને મહેનતના પ્રમાણમાં ક્યારેય પૈસા નહીં મળે તો ખરેખર તમને ક્યારેય ધન પ્રાપ્ત નહી થાય.

તો આજથી જ તમારા વિચારોને તપાસો. મને પણ ધનવાન બનવામાં રસ છે, હું પણ એમાં ભાગ લેવા તૈયાર છું, આજથી હું મારા ભાગ્યને દોષ નહીં આપું, તેવા વિચારોમાં લાગી જાવ. આ વિચારોથી કોઈ પણ માણસ ધનવાન બની શકે છે.

કારણ એક જ છે કે, **'તમારી અંદરની દુનિયા તમારી બહારની દુનિયાનું સર્જન કરે છે.'**

પૈસાના સર્જન માટે જોઈએ છે બે અગત્યની બાબતો :

સ્વપ્ન અને કાર્ય.

આપણે જો ફૉર્બ્સ મૅગેઝિનમાં જે ધનવાનોની યાદી બહાર પડે છે, તેના એક-એક ધનવાનોની અત્યાર સુધીની જીવનયાત્રાનો અભ્યાસ કરીએ, તો આ વાત સમજાઈ જશે કે તે દરેકના મનમાં પહેલેથી જ મોટાં-મોટાં સપનાંઓ હતાં. આજે જે કંઈ વસ્તુ તેમના વાસ્તવિક જીવનમાં છે, તે ક્યારેક તેમના સ્વપ્નમાં હતી.

એક ઉદાહરણ જોઈએ તો અક્ષરધામ, જે પહેલા પૂજ્ય યોગીજી મહારાજના અને પૂજ્ય પ્રમુખસ્વામીના સ્વપ્નમાં હતું, પછી તે હકીકત બન્યું.

એવી જ રીતે મુકેશ અંબાણીએ ભૂતકાળમાં એક સપનું જોયું હતું કે તેમનું ઘર સૌથી આલીશાન હશે. તેમનું એ સપનું સાચું કરવા પાછળની મહેનતના કારણે આજે તેમની પાસે પોતાનું ૨૭ માળનું, ૪૮૦૦ કરોડનું મકાન છે.

અમે એવું નથી કહેતાં કે આપણે પણ આવા વિશાળ ઘરનાં સ્વપ્ના જોવાં જોઈએ. પણ આપણે પણ બે કે ત્રણ બેડરૂમ, હોલ, કિચનવાળાં ઘર માટે તો સ્વપ્ન જોઈ જ શકીએ ને. મારું પોતાનું ઘર,

મારી પોતાની કાર, મારાં બાળકો માટે સારામાં સારું ભણતર, વિદેશ જવાનાં સપનાં તો જોઈ જ શકીએને.

તો મિત્રો, આજથી જ આ કામ માટે લાગી જાવ અને તમારાં સપનાંની યાદી બનાવો.

યાદી બનાવ્યા પછી તેમાં વિશ્વાસ રાખીને સતત કાર્યમાં લાગી જાવ. તમારી અંદરની શક્તિને ઓળખો. વિશ્વાસ રાખીને કાર્ય કરવાથી વહેલી કે મોડી સફળતા તમને જરૂર મળશે.

> તમને જેટલી ભૂખ હશે તે પ્રમાણેના પૈસા કમાવા માટે તમને નવા-નવા રસ્તાઓ અને વિચારો મળ્યા કરશે. તમારી ભૂખ પ્રમાણે જ તમને ધન મળશે, એ વાત ચોક્કસ છે.

*“ધન એક માયા છે, ધન હાથનો મેલ છે, ધન માણસને ભ્રષ્ટ કરી નાખે છે, ધન જ દુ:ખનું મૂળ છે, ધનનો મોહ જ ભ્રષ્ટાચારનું કારણ છે,”*

**આવું બધું બોલતાં પહેલાં તમે ધનવાન બની જજો, નહીંતર પસ્તાશો.**

# ૨

# શું આપણે સહેલાઈથી ધન કમાઈ શકીએ ?

સહેલાઈ અને ધનનો સંબંધ કંઈ હોઇ શકે ? શાંતિથી વિચાર કરો. આપણી આસપાસ આપણે આપણાં સગાં, મિત્રો, પાડોશીઓને જોતાં હોઈએ છીએ. તેમનું જીવન ખૂબ આરામદાયક હોય છે. તેમના ધનમાં વૃદ્ધિ થઈ રહી હોય છે. તેઓ સારું વૅકેશન, રજાઓ માણી શકે છે. ચારથી પાંચ વર્ષમાં નવી કાર લઈ શકે છે. આ બાબતનું રહસ્ય સમજવાની કોશિશ કરશો, તો તમને ખ્યાલ આવશે કે, તેઓનો પૈસા સાથેનો સંબંધ કેવો છે.

પૈસા સાથે સંબંધ ? હા, અમારા પ્રોફેશનલ કૅરિયરમાં અમે એવા ઘણા લોકોને મળી ચૂક્યા છીએ જેઓનો પૈસા સાથે સંબંધ બહુ ખરાબ હોય છે. તેઓના મનમાં એવો ખ્યાલ છે કે પૈસા કમાવા તો બહુ અઘરા છે. આ જન્મમાં આ શક્ય નથી. મારા હાથમાં પૈસાની કોઈ રેખા જ નથી.

જ્યારે પણ તેઓ લોકોને જીવનનો વૈભવતા માણતા જુએ છે, તો તેમને એમ લાગે છે કે તેઓ કાંઈ ખોટાં કામ કરતાં હશે. તેણે તો મર્સિડીઝ ગાડી લઈ લીધી, જે આજે ૩૫ લાખની આવે છે. આવી ગાડી એમ ને એમ કઈ રીતે લઈ શકાય !

હવે જો તમારો વિચાર પૈસા માટે આવો જ હશે, તો પૈસા તમારાથી દૂર ભાગશે. જેમ તમારા મનમાં જો કોઈ માટે સારી લાગણી નથી હોતી તો એને દૂરથી જોતા જ તમારી મનસિક સ્થિતિમાં પરિવર્તન આવે છે, તમારો મૂડ બગડી જાય છે અને તમને ત્યાંથી ચાલી જવાનું મન થાય છે. તેવી જ રીતે, પૈસાની બાબતમાં પણ છે.

પૈસા કમાવવાની વાત કે જોખમ ખેડવાની વાત કે પછી કોઈ જગ્યાએ રોકાણ કરવાની વાત આવે, તો આપણી માનસિક સ્થિતિ બદલાવવા લાગે તો એમ સમજવું કે આપણો પૈસા સાથે સારો સંબંધ નથી. આપણને તે જગ્યાએથી ચાલી જવાનું મન થાય તો કુદરતી રીતે તમારી પાસે પૈસા આવશે નહીં.

તેથી લક્ષ્મીજીનો વાસ જો આપણા ઘરમાં અને આપણા મન-મંદિરમાં સદા કરાવવો હોય, તો વિષ્ણુની પણ સાથે જરૂર છે.

વિષ્ણુની ?

હા, ચાલો એક ઉદાહરણ આપું.

તમારા એક ખાસ મિત્રની પત્ની તમારા ઘરે બપોરે આવે છે, તમારી પત્નીને મળવા. બંનેની ગાઢ મિત્રતા છે. વાતો-વાતોમાં સાંજ પડી જાય છે. સમયનો કાંઈ ખ્યાલ રહેતો નથી. ત્યાં તમારું આગમન થાય છે. તમે એને એનાં ખબરઅંતર પૂછો છો. પછી ખ્યાલ આવે છે કે હવે તો રાતના ભોજનનો સમય થઈ ગયો છે.

તમે અને તમારાં પત્ની એને બહુ આગ્રહ કરો છો કે તારું ઘર અહીંથી ઘણું દૂર છે, તો રાતનું ભોજન કરીને અહીં રોકાઈ જા. તમને શું લાગે છે કે, એ બહેન ત્યાં રોકાઈ ગયાં હશે ? તેઓ ચોખ્ખી ના પાડી દે છે. કારણકે તેમના ઘરે તેમનો પતિ અને બાળકો તેમની રાહ જોઈ રહ્યાં હોય છે.

તેવી જ રીતે લક્ષ્મીજીના પતિ છે વિષ્ણુ. જેમ લક્ષ્મીજી પૈસાના પ્રતિક છે, તેમ વિષ્ણુ સમજદારીનું પ્રતીક છે. જો તમારો પૈસા સાથેનો સંબંધ એટલે લક્ષ્મીજી સાથેનો સંબંધ સારો નહીં હોય અને તેમને તમારા ઘરે કાયમ માટે વાસ કરવા આમંત્રિત કરશો, તો તે નહીં કરે. તમારે તેની સાથે પ્રેમ કરવો પડશે અને સાથે-સાથે સમજદારીરૂપી વિષ્ણુને પણ આવકારવા પડશે, જેથી તે કાયમ તમારે ત્યાં વાસ કરી શકે.

તેથી આજથી જ પૈસાની બાબતમાં એકદમ રિલેક્સ થઈ જાવ. તેની સાથેનો સંબંધ સુધારી લો. આમ કરવાથી અમારી જિંદગીમાં ઘણાં

પરિવર્તન આવ્યાં છે અને ધનનો પ્રવાહ સતત અમારા જીવનમાં વહ્યા કરે છે.

સમજદારી વધારવા, મોટા માણસો જે રસ્તે ચાલીને ધનવાન બની ચૂક્યા છે, તેના જીવનનો અભ્યાસ કરો. સારાં પુસ્તકોનું વાચન કરો. એમ કરવાથી તમારો લક્ષ્મીજી સાથેનો વ્યવહાર અને સંબંધ એકદમ ગાઢ થઈ જશે અને તમારે ત્યાં તેમનો કાયમ વાસ થશે.

> જ્યારે આપણે અન્યને અતિ મોંઘી ગાડીમાં જતા જોઈએ છીએ, ત્યારે એવા વિચારો આવે છે કે તેની પાસે આવી ગાડી કેવી રીતે આવી ? તેને કેવી રીતે પોસાતું હશે ? તેની પાસે આટલાં નાણાં કેવી રીતે આવ્યાં ?

*“ધન એ છટ્ઠી ઇન્દ્રીય જેવું છે. પણ ખાસ વાત એ છે કે આ છટ્ઠી ઇન્દ્રિય વગર બાકીની પાંચ ઇન્દ્રિયોનો ઉપયોગ વાહિયાત બની જાય છે.”*

- વિલિયમ સમરસેટ મૌઘમ